# અણગમો પ્રગટ કરવામાં વળી શરમ શેની ?

–ડૉ. શશીકાન્ત શાહ

આપણા દેશની પ્રજા દુઃખી કેમ છે ? રોજબરોજનાં કામોમાં આપણને દરેક ઠેકાણે અપમાન, ઉપેક્ષા ને અવીનયનો અનુભવ કેમ થાય છે ? આપણાં સાચાં અને ન્યાયપુર્ણ કામોને સરકારી કચેરીઓમાં ઠેબે ચડાવવામાં કેમ આવે છે ?

આપણાં દુઃખોનું એક મહત્ત્વનું કારણ એ છે કે આપણે આપણો અણગમો. નારાજગી પ્રગટ કરવામાં શરમ–સંકોચ અનુભવીએ છીએ. અન્યાય થતો હોય, ખોટું થતું હોય, લાંચ માગવાના ઈરાદે આપણને ધક્કે ચડાવવામાં આવતા હોય, એડમીશન આપવા ટાણે સ્વનીર્ભર કૉલેજોના ભ્રષ્ટ સંચાલકો દસ લાખ રુપીયા રસીદ આપ્યા વીના આપણી પાસેથી ખંખેરતા હોય; તોય આપણે કશું બોલતા કેમ નથી ? આપણો વીરોધ શા માટે પ્રગટ કરતા નથી ? તમામ ભ્રષ્ટ અને સરાસર ગલત રીતરસમો સામે પ્રજા, સરદાર પટેલની ખુમારીથી પોતાનો ગુસ્સો, અપ્રસન્નતા કે અણગમો પ્રગટ કરવાનું રાખે તો છ જ મહીનામાં ‘અચ્છે દીન આ ગયે’નો અનુભવ થવા માંડે.

પણ આપણી માનસીકતા એવી છે કે સાચું બોલવાથી કે લખવાથી દુશ્મનો ઉભા થાય; એના કરતાં ચુપ મરીએ તે સારું ને ! આપણે શાળા કૉલેજોમાં ભણતા હતા ત્યારથી જ ચુપ રહેવાની, દબાઈ–કચડાઈને બેસી રહેવાની, અન્યાય સહન કરી લેવાની, આપણને તાલીમ આપવામાં આવેલી છે.

હું, જ્યાં પણ દેખીતો અન્યાય થતો હોય, ખોટું ચાલતું હોય, કોઈનું શોષણ થતું હોય તો ઉંચા અવાજે અણગમો વ્યક્ત કરવાનું શીખ્યો છું. સ્વતંત્ર ભારતના નાગરીક તરીકે ખોટી રીતરસમોને સુધારવા માટેની કોશીશ કરવી એ આપણી પવીત્ર ફરજ છે એમ હું સમજ્યો છું.

એક લગ્નસમારંભમાં સ્વરુચી ભોજનનો સમય ‘સાંજે સાતથી આપના આગમન સુધી’ એ રીતે દર્શાવાયો હતો. મેં નીમંત્રણ પાઠવવા આવેલા સજ્જનને કહ્યું, ‘સ્વરુચી ભોજનો તમારો સમય મને ખુબ ગમ્યો. મારી જ વાત કરું તો, હું એ દીવસે અમદાવાદ જવાનો છું અને રાતે અગીયાર વાગ્યે ‘ગુજરાત ક્વીન’માં પાછો આવવાનો છું. આપના લગ્નસમારંભના ‘સ્વરુચી ભોજનમાં’ પ્રવેશતાં મને રાતે સાડા અગીયાર થશે. મારા આગમનની તમે રાહ જોવાના જ છો એટલે ભોજનની ચીંતા તો ટળી ગઈ !’ મારી વાત સાંભળીને પેલા સજ્જનમીત્રે ચીત્તાની જેમ કુદકો મારીને મારા હાથમાંથી નીમંત્રણપત્ર ઝુંટવી લીધો. ‘આપના આગમન સુધી’ –એ ત્રણ શબ્દો પર લાલ ઈન્કથી ગાઢ લીટી તાણીને લખ્યું : ‘સાડા દસ સુધી’. મેં એ મીત્રને પ્રેમથી સમજાવ્યું, ‘‘ભાઈ, રસોડું જો આખી રાત ચાલવાનું ન હોય તો... ‘આપના આગમન સુધી’નો શાબ્દીક દંભ શા માટે કરવાનો ?’’

એક વખત બૅન્કના કાઉન્ટર પાસે હું પૈસા ઉપાડવા માટે લાઈનમાં ઉભો હતો. મારો ક્રમ આવ્યો ને મેં ચેક મહીલા ઓફીસરના હાથમાં મુક્યો. એવામાં જ એમના મોબાઈલની રીંગ વાગી. મને મારી કમનસીબીનાં એંધાણ વર્તાઈ ગયાં. બરાબર સાત મીનીટ રાહ જોયા પછી મેં નમ્ર સ્વરે કહ્યું, ‘મૅડમ, મારી પાછળ છ વરીષ્ઠ

નાગરીકો રાહ જોઈને ઉભા છે. પેલી ગાંધીછાપની નોટ તમે હાથમાં લો તેના ઈન્તેજારમાં હું સાત મીનીટથી ઉભો છું. આપ મને મુક્ત કરો તો બડી મહેરબાની થશે.' આ સાંભળતાં એમને થોડી તકલીફ તો થઈ; પરન્તુ જો મેં મારો અણગમો વ્યક્ત ન કર્યો હોત તો મારે બીજી દસેક મીનીટ એમની સમક્ષ ઉભા રહેવું પડયું હોત.

એક નવદમ્પતીના સત્કારસમારંભમાં અમે હાજરી આપવા ગયાં હતાં. ભોજનનો સમય સાંજે સાતથી અગીયારનો હતો. રાત્રે દસ વાગ્યા તો પણ નવદમ્પતી બ્યુટીપાર્લરમાંથી પધાર્યાં નહોતાં ! એક યુવાન મને ઓળખતો હતો. મારી પાસે આવી એણે કહ્યું, 'સર, હું 'ગુજરાતમીત્ર'માં નીયમીત રીતે આપની કૉલમ 'માણસ નામે ક્ષીતીજ' વાંચું છું. હું એમબીએનો વીદ્યાર્થી છું. કાલે મારી પરીક્ષા છે. પણ આ દુલ્હા રાજકુમાર મારો ખાસ ફ્રેન્ડ છે એટલે રીસેપ્શનમાં આવ્યો છું. સર, દસ વાગ્યા તો પણ હજી ભોજન શરુ નથી થયું. મેં કહ્યું, 'યુવાનમીત્ર, પેલા સામે ઉભા છે તે દુલ્હાના પીતાજી છે. ખુબ મોટા સરકારી ઓફીસર છે એટલે ભોજનસમારંભ શરુ કરવા માટે આપણી પાસે લાંચની અપેક્ષા રાખતા હશે. સરકારી રાહે કામ ચાલે એટલે વીલમ્બ તો થવાનો જ. તું એક કામ કર. એમને તારી મુશ્કેલીની વાત કર એટલે તારા ભોજનની વ્યવસ્થા ગોઠવાઈ જશે.' યુવાન બોલ્યો, 'સાહેબ, એવું તે થતું હશે ? એમને ખોટું નહીં લાગે ?' મેં જરા ઉંચા અવાજે કહ્યું, 'સાંજના સાતને બદલે રાતના દસ થયા... તો આપણને ખોટું ન લાગે ? ચાલ, મારી સાથે...' અમે બન્ને જઈને રાજકુમારના પીતાજીને મળ્યા. મેં નમ્રતાથી રજુઆત કરી, 'સર, રાતના દસ થયા. મારો તો સુવાનો સમય થવા આવ્યો. અમે ભોજન લીધા વીના જઈએ છીએ. આપ એક ફેવર કરશો ? આ મારા શુભેચ્છાસંદેશનું પરબીડીયું આપના રાજકુમારને પહોંચાડી દેશો ? એમાં માત્ર રુપીયા જ છે. આશીર્વાદ ઉમેરેલા હતા તે પાછા લઈ લીધા છે. જે નવદમ્પતી મહેમાનોને ભુખ્યા–તરસ્યા રાખીને રાતે દસ વાગ્યે પણ બ્યુટી–પાર્લરમાંથી પાછાં ન આવે એમને વળી આશીર્વાદ કેવા આપવાના ?'

પ્રીય વાચક મીત્રો, આપ માનશો ? બરાબર ત્રીજી જ મીનીટે લગભગ તમામ મહેમાનોના હાથમાં ભોજનની ડીશ હતી.

યુવાપેઢીના મીત્રોને મારી આગ્રહપુર્વકની વીનન્તી છે કે તમારા ગમા–અણગમાને નમ્ર છતાં બુલંદ અને મક્કમ અવાજે રજુ કરવાનું રાખો. જો કંઈક સારું થતું કે થયું હોય તો ઉદારતાથી એની પ્રશંસા કરો અને સમાજને પીડા આપતાં માણસો કે રુઢી કે રીતરીવાજો પ્રત્યે કંજુસાઈ કર્યા વીના અણગમો વ્યક્ત કરો. આપણી સ્થીતી સુધરતી નથી એનું કારણ આપણું મૌન છે. અણગમો પ્રગટ કરવામાં શરમ શેની ? બૅન્ક, રેલવે, સરકારી કચેરીઓ કે પાસપોર્ટ ઓફીસ વીરુદ્ધ જ્યારે જ્યારે નાગરીકોએ લેખીત ફરીયાદ મોકલી છે, ત્યારે સમ્બન્ધીત અધીકારીઓને જવાબ આપવાનું ભારે પડી ગયું છે અને એમણે સુધરવું પડ્યું છે.

કાયદાની મર્યાદામાં રહીને આપણે આપણો અણગમો વ્યક્ત કરવાનું શીખી લઈએ.

**મેઘધનુષ**

'દરેક આત્મા મુળભુત રીતે દીવ્ય છે. અંદરની ને બહારની પ્રકૃતી પર નીયંત્રણ મેળવીને આ આંતરીક દીવ્યતાને પ્રગટ કરવી તે જ જીવનનો ઉદ્દેશ છે. આ તમે કર્મ દ્વારા કરી શકો, ભક્તી દ્વારા કરી શકો, મન પરના નીયંત્રણ કે જ્ઞાન દ્વારા કરી શકો. કોઈ પણ એક કે વધુ કે સર્વ દ્વારા તમે મુક્ત થઈ શકો. ધર્મનું આ જ સમગ્ર તત્ત્વ છે. શાસ્ત્રો, કર્મકાંડો, મન્દીરો, આદર્શ એ બધું ગૌણ છે.

–સ્વામી વીવેકાનન્દ

–ડૉ. શશીકાન્ત શાહ

લેખકસમ્પર્કઃ

ડૉ. શશીકાન્ત શાહ, 35–આવીષ્કાર રો હાઉસ, તાડવાડી, રાંદેર રોડ, સુરત–395 009 Phone : 0261-277 6011 Mobile : 98252 33110 eMail : sgshah57@yahoo.co.in

વ્યાપક પ્રસીદ્ધી પામેલા એમના પુસ્તક : 'આનન્દનું આકાશ'( પ્રકાશક : શશીકાન્ત શાહ, 35–આવીષ્કાર રો હાઉસ, તાડવાડી, રાંદેર રોડ, સુરત–395 009 – પ્રથમ આવૃત્તી : ડીસેમ્બર, 2015, પુનર્મુદ્રણ : જાન્યુઆરી 2016, પૃષ્ઠસંખ્યા : 92, મુલ્ય : 60 રુપીયા)માંથી લેખકશ્રીની અનુમતીથી સાભાર..

આ જ વર્ષે આ કાન્તીકારક વીચારોની પુસ્તીકાની ઈ.બુક પણ આપણને મળશે તેવા સમાચાર, ભાઈ ગોવીન્દ મારુ પાસેથી જાણી આનન્દ થયો.. ..ઉત્તમ ગજ્જર..

♦●♦

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષઃ અગીયારમું – અંકઃ 345 – April 03, 2016

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

More than 3,21,15,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 56,48,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 8,33,000 have visited Lokkosh - http://lokkosh.gujaratilexicon.com

More than 2,77,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@